શ્રી સંતરામ મહારાજ સત્ય છે.

# બાવીસ ગામ પાટીદાર સેવા સમાજ

# બંધારણ

"જન સેવા એજ પ્રભુ સેવા"

છપાવી પ્રસિધ્ધ કર્યું

**શ્રી મગનભાઈ પુનમભાઈ પટેલ**

* કન્વીનર મુ. ગુતાલ. *

* કાર્યાલય *

**C/O. શ્રી લક્ષ્મી શ્રોફ**

હોટલ સંતોષ સામે, સન બેકરી પાસે, ગ્લોબ સીનેમા રોડ,

**ન ડી આ દ.**

S. M. Printery College Road, NADIAD.

# બાવીસ ગામ પાટીદાર સેવા સમાજ

## બંધારણ

(૧) **નામ :** આ સંસ્થાનુ નામ "બાવીસ ગામ પાટીદાર સેવા સમાજ" રહેશે.

(૨) **કાયક્ષેત્રે :** બાવીસ ગામના ગોળ તરીકે ઓળખાતાં નીચેના ગામો અથવા ગામોનો ભાગ અને ભવિષ્યમાં આ ગોળમાં જે નવા ગામો લેવાય તે વિસ્તાર પુરતુ એનું કાર્યક્ષેત્રે રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. ગુતાલ | ૧૧. થલેરા | ૨૧. ભૂમેલ | ૩૧. ટુંડેલ |
| ૨. આખડોલ | ૧૨. વલાસણ | ૨૨. કાસોર | ૩૨. વિશ્નોલી |
| ૩. પોરડા | ૧૩. નલેટવા | ૨૩. નવાગામ | ૩૩. જોળ |
| ૪ મિત્રાલ | ૧૪. કરોલી | ૨૪. ડુમરાલ | ૩૪. મોરડ |
| ૫ સંધાણા | ૧૫. પાડગોલ | ૨૫. રધવાણજ | ૩૫. વાંસખીલીયા |
| ૬. પીપળાતા | ૧૬ ઉંઢેળા | ૨૬. લવાલ | ૩૬. વટાવ |
| ૭. કંજોડા | ૧૭. સોખડા | ૨૭ ગંગાપુર | ૩૭. અરેઠી |
| ૮. કેરીઆવી | ૧૮. મંજીપુરા | ૨૮. વાલ્લા | ૩૮. બારેલ |
| ૯. દાવડા | ૧૯. બિલોદરા | ૨૯. કાથનોલી | ૩૯. મુંદરણા |
| ૧૦. વડતાલ | ૨૦. પેટલી | ૩૦ રૂણ | ૪૦. નાપા–તળપદ |

(૩) **ઉદ્દેશ :-**

(ક) બાત્રીસ ગામ પાટીદાર સેવા સમાજના કાર્યક્ષેત્રનાં ગામોના પાટીદાર કુટુંબો મારફતે તથા સદરહુ ગામોના અન્યત્ર વસતા પાટીદાર ભાઇ–બહેનોના એકમો કે ઘટકોનો સાથ સહકાર મેળવી. તેમની મારફતે, સામાજિક આર્થિક શૈક્ષણિક સાંકૃતિક તથા ભાવનાત્મક વિકાસ કરવાનો, પરસ્પર પરિચય તથા સહકાર કેળવી સમાજના વિચારો તથા કાર્યોનુ સંકલન કરી સમાજની જરૂરીઆતો મુજબ કાર્ય કરવાનો રહેશે

(ખ) સામાજીક ઉન્નતિ માટે બિન રાજકિય પ્રવૃત્તિ કરવી

(ગ) બદલાતા જતા સંજોગોને અનુરૂપ નવા રિવાજો ચર્ચા–વિચારણા બાદ દાખલ કરવા સમાજને યોગ્ય માર્ગદર્શન આપવું

(ઘ) બાવીસ ગામ ગોળના પાટીદાર કુટુંબોમાં સહકાર સદ્દભાવ અને સંગઠન કેળવવા જરૂરી તમામ પ્રયત્નો કરવા.

(છ) મંડળના ઉદ્દેશને અનુરૂપ અને પોષક જરૂર જણાયતો ગામદીઠ સ્થાનિક સંડળોને અને અન્યત્ર વસતા આજ ગોળના ગામોના પાટીદાર ભાઈ–બહેનોનાં એકમો કે ઘટકોને માન્યતા આપવી.

(જ) "સેવા સમાજ" ના ઉદ્દેશોની સિધ્ધિ અર્થે જરૂરી ભંડોળ એકત્ર કરવુ. દાન, મકાન ફંડ, તથા ટ્રસ્ટો સ્વિકારવાં, ઉભા કરવા, તથા તેનો વહીવટ અને વ્યવસ્થા કરવાં,

૭ દર ત્રણ માસે એક વખત કારોબારી સમિતિ અવશ્ય મળશે અને આવી સભા મળવાની જાણ ઓછામાં ઓછા ચાર દિવસ અગાઉ ખાસ સાધારણ સંજોગો સિવાય, દરેક સભ્યને કરવામાં આવશે,

૮ કારોબારી, સધારણ સભાએ મંજૂર કરેલા કાર્યક્રમને અમલી બનાવશે ઉપરાંત સેવા સમાજના સાધારણ સભાએ મંજુંર કરેલા અંદાજ પત્ર મુંજબ નાણાંનો ઉપયોગ કરશે

૯ સેવા સમાજનાં નાણાંનો અને મિલ્કતોનો વહીવટ કરી હિસાબ રાખશે તથા દર છ માસે અન્વેષક પાસે હિસાબો તપાસાવી, તપાસ નોંધ મુજબ દુરસ્તી કરશે.

૧૦ વર્ષ દરમ્યાનના હિસાબો, સરવૈયું તથા અન્વેષકની વાર્ષિક નોંધ સાધારણ સભામાં રજુ કરશે.

૧૧. કારોબારી સમિતિ વર્ષ પુરૂ થયેથી એકજ માસની અંદર પંદર દિવસની નોટીસ આંપી સાધારણ સભા બોલાવશે.

૧૨. મંડળની ખાસ સધારણ સભા કારોબારી સમિતિને બોલાવવાની જરૂર પડે તો કારોબારી સમિતિના ૫૦% સભ્યોની સંમતિથી સાત દિવસની નોટીસ આપી બોલાવી શકાશે.

૧૩. મંડળના સામાન્ય સભાસદો તરફથી ૧/૨ સભ્યોની સહિ સથે લેખીત માગણી આવેથી કારોબારી ખાસ સાધારણ સભા સાત દિવસની નોટીસ આપી બોલાવી શકશે. આવી સભામાં લેખીત માગણીમાં જણાવેલ કામકાજ થઇ શકશે. અન્ય કામકાજ થશે નહી.

૧૪. કારોબારી સભાનું કામકાજ ચલાવવા માટે કુલ સભ્યોની અર્ધી સંખ્યામાં હાજરી થયેથી કામકાજ ચલાવી શકાશે. સંજોગો વસાત કોરમ ના થાય તો અર્ધા કલાક બાદ હાજર સભ્યોથી કામ ચલાવી શકાશે અને તે કાયદેસરનું ગણાશે. જેમાં ઓછામા ઓછા પાંચ સભ્યો હાજર હોવા જોઈશે,

૧૫. "સેવા સમાજ"ની સાધારણ સભા, કારોબારી સમિતિના ભલામણ ઉપરથી. સેવા સમાજ માટે ત્રણ ટ્રસ્ટીઓની પસંદગી કરશે સેવા તેઓના કાર્ય સમયની મુદત છ વર્ષની રહશે સેવા સમાજના સ્થાવર તથા સ્થાયી રોકાણો તેમના નામ ઉપર રહેશે તેઓનુ કાયં કારોબારી સમિતિને તથા સભાને યોગ્ય માર્ગદર્શન આપવાનું રહેશે.

**ક. સાધારણ સભા :-**

(ક) સેવા સમાજના આજીવન સભ્યોની બનશે.

(ખ) વર્ષમાં એક વખત ઓછામાં ઓછી રીતે સાધારણ સભા મળશે. જરૂર પડે વધુ વખત પણ મળી શકશે પરંતુ વર્ષ દરમ્યાન ત્રણથી વધારે વખત મળી શકશે નહી

(ગ) સેવા સમાજના કુલ સભાસદો પૈકીના ૨૦% સભ્યોની હાજરીથી કોરમ થયેલુ ગણાસે. કોરમના અભાવે અડધા કલાક બાદ હાજર સભ્યોથી એજન્ડા ઉપરનું કામ થઈ શકશે.

(ઘ) કારોબારી સમિતિના, પ્રમુખ ઉપ પ્રમુંખ, મંત્રી સહમંત્રી, અન્વેષકની, બહુમતીથી ચુટણી કરશે

૧૨. રોજ બરોજનાં કાર્યો માટે રૂા. ૫૦૦-૦૦ સુધીની રકમ તેમની પાસે રાખી શકશે અને બાકીની સેવા સમાજના ખાતામાં જમા કરાવશે. તમામ જાતના આર્થિક, વ્યવહારો તથા હિસાબો રાખશે અને જાળવાશે.

૧૩. દર વર્ષે સેવા સમાજનાં, અંદાજ પત્રક મુજબ આવક જાવકનો હિસાબ તથા સરવૈયુ તૈયાર કરી, આંતરિક અથવા બહારના અન્વેષક પાસે તપાસાવી કારોબારી તથા સામાન્ય સભામાં રજુ કરશે.

૧૪. રાષ્ટ્રિયકૃત બેંકોમાં નાણાં મુકશે, ઉપાડશે તથા હિસાબ રાખશે.

૧૫. બેંકમાંથી નાણાં ઉપાડવા માટે પ્રમુખ અથવા ઉપપ્રમુખ અને મંત્રી એમ બે જણાની સહીઓ આવશ્યક ગણાશે.

૧૬. મંત્રીની ગેરહાજરીમાં સહમંત્રી તેમની ફરજ બજાવશે તથા મંત્રીના તમામ કાર્યોમાં મદદ કરશે.

**૧૧. અન્વેષકનું કાર્ય :-**

સેવા સમાજના હિસાબો દર ત્રણ માસે તપાસવા અને સામાન્ય સભામા વાર્ષિક હિસાબ તપાસણીની નોંધ રજુ કરવી.

**૧૨. નાણાં ભંડોળ તથા અન્ય મિલ્કત :-**

૧. સેવા સમાજના નાણાં અને મિલ્કતો સેવા સમાજની માલીકીના ગણાસે.

૨. સેવા સમાજ નીચેની રીતે નાણાં ઉભા કરી શકશે.

(ક) સભાસદોના લવાજમોથી

(ખ) દાન અને બક્ષીસોથી

(ગ) જાહેરાતો દ્વારા

(ઘ) ન્યાસ ફંડો દ્વારા

૩. સેવા સમાજનાં ફંડો અને મિલ્કતો, કાયમી અને ચાલુ એવા બે પ્રકારનાં રહેશે.

(ક) કાયમી ફંડો અને મીલકતો નીચે પ્રમાણે ગણાશે.

૧. ખાસ કામ માટે નોંધીને અથવા અમુક નક્કી કરેલા સમયને માટે, અમુક ચોક્કસ કાર્ય માટે ફકત વ્યાજનો જ ઉપયોગ કરવા સારૂ કાયમી ભંડોળ તરીકે મળેલા અને સ્વિકારવામા આવેલા ન્યાસ ફંડો

૨. મંડળના મકાનો તથા જમીનો

૩. કારોબારી સમિતિએ રીઝર્વ ફંડ તરીકે અલગ રાખેલાં નાણાં અગર મિલ્કતો.

૪. આજીવન સભાસદોનું લવાજમ

(ખ) ચાલુ ફંડો અને મિલ્કતો નીચે પ્રમાણે ગણાશે.

૧ કાયમી અને રિઝર્વ ફંડોનુ વ્યાજ

૨. આજીવન સભ્યોના લવાજમોનું વ્યાજ

૩. કારોબારી સમિતિએ કાયમી અને રીઝર્વ ફંડમાં ન ગણી હોય તેવી મળેલી રકમો

(ગ) કાયમી ફંડો નીચેના હેતુઓ માટે અલાયદાં રાખવામાં આવશે

૧. કાયમી ફંડ જે હેતુ માટે મળયું હોય તે હેતુ પ્રમાણે જ તેને વાપરવું.

૨. સેવા સમાજ માટે જમીનો, મકાનો નવાં બાંધવા અગર ખરીદવા, વધારવા અને સમરાવવાં

૩. કાયમી સ્વરૂપનો સામાન, અસબાબ ખરીદવો અને વધારવો.

# બાવીસ ગામ પાટીદાર સેવા સમાજ

## સને ૧૯૮૭ તથા ૧૯૮૮ના વર્ષનો હેવાલ

સુજ્ઞ સહપાંથીઓ,

સવિનય નમસ્કાર તા. ૨૧–૩–૮૭ ના રોજ બાવીસ ગામ પાટીદાર ગોળના ગામોના કેટલાક આગેવાન ભાઈઓની સભા સમાજના ઉત્કર્ષ માટે, પ્રવર્તમાન સંજોગોમાં શું કાર્યવાહી કરવી તે અંગે ચર્ચા વિચારણા કરવા નડીઆદ મુકામે મળેલી. બાવીસ ગામ પાટીદાર સેવા સમાજના આશ્રયનિચે કેટલીક પ્રવૃત્તિઓ શરુ કરવાનુ આયોજન ચર્ચા વિચારણા કરી નક્કી કરેલું. વ્યવસ્થત માળખું તૈયાર થતાં સુધી સમગ્ર પ્રવૃતિઓનું સંચલન કરવા માટે તત્પુરતી એક "એડહોક સમિતિ"ની પસંદગી કરવામાં આવેલી હતી તેના સંચાલન નીચે પ્રથમ તબક્કે "સમુહલગ્નો" ની પ્રવૃતિથા શુભ શરૂઆત કરવામાં આવેલી

સને ૧૯૮૭ની સાલમાં "પ્રથમ સમુહલગ્ન મહોત્સવ" તા. ૧–૫–૮૭ને અખાત્રીજના રોજ સુતાલ મુકામે, "કમળા કોલ્ડ સ્ટોરેજ"ના પ્રાંગણમા ભવ્ય સફળતા પુર્વક આયોજીત થયેલ જેમા કુલ ૪માં નવ દંપતિનેઓનાં લગ્ન સેવા સમાજના આદર્શોને અનુરૂપ, સુંદર રીતે સંપન્ન થયેલાં

દ્વિતીય સમુહલગ્ન મહોત્સવ તા. ૨૨–૫–૮૭ના રોજ પીપળાતા મુકામે આયોજીત થયેલ અને તેમાં પણ ૪ નવદંપતાઓ જોડાયા હતા આમ સને ૧૯૮૭ની સાલમાં કૂલ ૮ નવદંપતીઓએ સમુંહ લગ્ન પ્રવૃત્તિને ઉજવળ બનાવી આપી સમાજને નવયુગના મંડાણનો સહ ચિધ્યો છે.

૧૯૮૮ની સાલ આપણા માટે વધુ ગૌરવંતી પુરવાર થઈ તા. ૨૩–૧–૮૮ના રોજ નિર્ધારેલ તૃતિય સમુહ લગ્ન મહોત્સવમાં વલેટવા મુકામે કૂલ ૭ નવદપત્તિઓએ જોડાઈને આ પ્રવૃતીને પ્રોત્સાહન નાં વારી સિંચ્યાં અને ઉગતા છોડને નવ પલ્લવિત કર્યો ત્યારબાદ ચતુંર્થ સમુંહ લગ્ન મહોત્સવે તો આપણી આ પ્રવૃતીને અપુર્વ વેગ આપ્યો અને અદભૂત સિધ્ધી હાંસલ કરી દેખાડી આ પ્રસંગે વડતાલ. મુકામે કૂલ ૧૯ નવદપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયાં અને સમાજને બીન જરૂરી ફીજુંલ ખર્ચના બોજામાંથી મુક્ત થવાનો ઉજ્જવળ રાહ ચિંધ્યો.

ધન્યવાદ છે "સમુહલગ્ન" પ્રવૃતીમા જોડાનાર તમામ નવદંપતાઓને, તેમના સગા વહાલાંને આપ્ત જનોને તથા તેમને પ્રેરણાં આપનાર તમામને કે જેમના સહકાર વગર આ પ્રવૃતીનુ. બિજા રોપણજ ના થયુ હોત. સેવા સમાજ ઋણી છે. આ ચારેય ગામોનો સુતાલ, પીપળાતા, વલેટવા અને વડતાલ અને ત્યાંના તમામ નિષ્ઠાવાન નાગરિકોનો કે જેમણે તન, મન, ધનથી, નિસ્વાર્થ ભાવે, કડીતોડ મહેનત કરીને

સુચિત બંધારણ મુસદ્દો નીચે જણાવેલ એડહોક સમિતિના સભ્યોએ તૈયાર કર્યો હતો અને તા. ૬-૩-૮૮ની સભામાં રજુ કર્યો હતો

(૧) શ્રી પ્રફુલભાઈ મોતીભાઈ પટેલ
(પોરડાવાળા M. A. B. Ed. કમળા કોલડસ્ટોરેજ ગુતાલ.)

(૨) શ્રી અંબાલાલ બેચરભાઈ પટેલ (ગુતાલવાળા)
M. A, B. Ed., L L B. એડવોકેટ નડીઆદ.

(૩) શ્રી મહેન્દ્રભાઇ પરસોતમદાસ પટેલ (ગુતાલવાળા)
B. Com., L. L B. એડવોકેટ નડીઆદ)

---

આ બંધારણ સેવા સમાજની તા. ૬-૩-૮૮ને રવિવાર ના રોજ શ્રી સંતરામ મંદિર, નડીઆદ મુકામે મળેલી સાધારણ સભામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યુ છે.

મગનભાઇ પુનમભાઇ પટેલ
કન્વીનર
બાવીસ ગામ પાટીદાર સેવા સમાજ

